

**મને હંમેશા કૈક નવું શીખવા માટે પ્રોત્સાહનની જરૂર પડે છે. જ્યારે હું સેટ પર હોવ ત્યારે અન્ય લોકોનું નિરીક્ષણ કરીને અલગ અલગ બાબતો શીખવાનો પ્રયત્ન કરું છું. તે મને વધુ સારી બનાવવામાં મદદ કરે છે**

ક્રીતિ સેનન

શો-શા

# એવા દૃશ્યો ભજવવા માટે ઉત્સુક છું જેના કારણે મને ઊંઘ ન આવે

હિરોપંતીથી બોલિવૂડમાં એન્ટ્રી કરનાર ક્રીતિ સેનને અલગ અલગ પ્રકારના પાત્રો ભજવીને સાબિત કરી બતાવ્યું છે કે તે ઉચ્ચ કક્ષાની અદાકારા છે. ‘બરેલી કી બરફી’ની ઉત્સાહિત બીટ્ટી હોય, કે દો પત્તીની ગભરાયેલી રહેતી મુક્તિ હોય, કે પછી જેના માટે ક્રીતિને નેશનલ એવોર્ડ મળ્યો તે મીમી હોય, ક્રીતિએ દરેક ફિલ્મમાં પોતાની બેસ્ટ એક્ટિંગ સ્કિલ બતાવી છે. ક્રીતિએ કોમર્શીયલ ફિલ્મ પણ કરી છે અને ક્રીટીક્સની પ્રશંસા મેળવનાર ફિલ્મ પણ કરી છે. ફિલ્મ્સની સાથે સાથે તેણે પોતાની બ્યુટી બ્રૅન્ડ હાઈફન લોન્ચ કરીને ઉદ્યોગસાહસિકતા તરફ પણ કદમ માંડ્યા છે. અમારી સાથેની વાતચીતમાં ક્રીતિ જણાવે છે કે સફળતા મેળવવા છતાં ગ્રાઉન્ડેડ તે કેવી રીતે રહી શકે છે.

**તારી અત્યાર સુધીની સફરમાં ખ્યાતિ વિશેનો તારો દૃષ્ટિકોણ કેટલો બદલાયેલો છે?**

મને નથી લાગતું કે હું ક્યારેય ખ્યાતિનો પીછો કરતી હતી. હું જે કઈ કરું છું તેમાં હું બેસ્ટ આપવાનો પ્રયત્ન કરું છું. બાળપણથી હું આવી જ છું. જ્યારે લોકો મારા પાત્ર સાથે તાદાત્મ્ય સાધી શકે છે, મારી એક્ટિંગથી પ્રેરિત થાય છે ત્યારે તે મને ખ્યાતિ કરતા પણ વધુ આનંદ આપે છે.

**મોટાભાગે એક્ટર્સ આગળ શું કરશે તેના વિષે અટકળો થતી હોય છે. ફિલ્મ પસંદ કરતી વખતે તું શું ધ્યાનમાં રાખે છે?**

મારે આગળ શું કરવું જોઈએ તેના વિષે હું એટલું વિચારતી નથી કારણ કે અત્યારે કયો ટ્રેન્ડ ચાલે છે કે પછી લોકોને શું ગમે છે તેના વિષે ઘણી વાતો થતી હોય છે અને તે બદલાયા કરે છે. પરંતુ, મારા માટે વિકસિત થવું અને બેહતર થવું વધારે મહત્વનું છે. મારા માટે જે પડકારરૂપ હોય, મારો વિકાસ કરે અને મારી મર્યાદા તોડવામાં મદદરૂપ થાય તે મને આકર્ષે છે. હું એવા દશ્યો ભજવવા માટે ઉત્સુક છું જેના કારણે મને ઊંઘ ના આવે અને હું તેને કેવી રીતે ભજવીશ તે અંગે મને ચિંતા કરાવે. જોકે, તમને દરેક ફિલ્મ માં આ વાત મળતી નથી.ક્યારેક ક્રૂ જેવી ફિલ્મો પણ આવે છે જેમાં બધું મજેદાર અને મસ્તીભર્યું હોય છે. પણ, તમે ફિલ્મની સાથે જોડાઈ જાવ છો અને તેનો ભાગ બનવા માંગો છો. ક્યારેક, જે તે સમયે હું શું અનુભવું છે તેના પર પણ આધાર રહે છે. જેમકે, તેરે ઈશ્ક મેં જેવી ફિલ્મ કે જે મને ભાવનાત્મક, શારીરિક અને માનસિક રીતે પડકાર આપે છે તે કર્યા બાદ મને જો કોકટેલ-2 જેવી હળવી ફિલ્મ મળે તો હું તે ચોક્કસ કરીશ કારણ કે ફક્ત એક એક્ટ્રેસ તરીકે જ નહીં પરંતુ, એક વ્યક્તિ તરીકે તેરે ઈશ્કે મેં જેવી પડકારરૂપ ફિલ્મ તમને અંદરથી ખાલી કરી દે છે.

**કોકટેલ-2ના રોલ માટે તારે કોઈ તૈયારી કરવી પડી?**

કૉકટેલ-2 ફિલ્મના પાત્ર માટે મારે સખત ડાયેટ ફોલો કરવું પડ્યું જે મેં પહેલા ક્યારેય કર્યું ન હતું. વળી, શૂટ દરમિયાન પણ મારે નિયમિત કસરત કરવી પડતી અને ડાયેટ પણ ફોલો કરવું પડતું. પહેલી વાર હું ઝીરો કેલેરીવાળો ડાયટ લેતી હતી જે મારા જીવનમાં ક્યારેય બન્યુ નથી. અમે ઈટલી માં સિસિલીમાં શૂટિંગ કરી રહ્યા હતા અને જ્યારે ત્યાં ખોરાકની વાત આવે તો ત્યારે ત્યાં મોટા ભાગે પીઝા, પાસ્તા એ બધું જ હતું અને હું....આહ્! [ઝીરો કેલરીવાળો ડાયટ લેતી]. વળી, ફિલ્મમાં મારો લુક પણ એકદમ અલગ જ છે. મને લાગે છે કે આ કદાચ મારું અત્યાર સુધીનું સૌથી હોટ પાત્ર છે. હોમી અડાજાનિયા એવી વ્યક્તિ છે જેની પાસે સૌન્દર્યલક્ષી સમજ છે અને તે સ્વાભાવિક રીતે જ કુલ છે. તે મારૂ એ કુલ પાસું બહાર લાવે છે જેનાથી હું અજાણ હતી.

**સ્પોટલાઈટમાં રહેલી એક મહિલા તરીકે તમારી છબી ઘણીવાર ચકાસવામાં આવે છે. ફિલ્મ ઉદ્યોગ ક્યારેક તારા પર અનુરૂપ થવાનું દબાણ લાવે છે ત્યારે તું સ્થિરતા અને પ્રમાણિકતા કેવી રીતે જાળવી રાખે છે?**

સ્પોટલાઈટમાં રહેવાનો અર્થ એ છે કે તમને સતત જોવામાં આવે છે, તમે શું પહેરો છો તેનાથી લઈને તમે થાકેલા હોવ છો કે તમે સારું ફિલ કરતા ન હોવ ત્યારે કેવી પ્રતિક્રિયા આપો છો એ બધું જ. તેમ છતાં તમે સ્મિત કરો છો અને પાપારાઝીને થોડો સમય આપો છો, તેને મેં કામના ભાગ રૂપે સ્વીકાર્યું છે. આ સિવાય, હું જે છું તેના પ્રત્યે પ્રમાણિક રહેવાથી અને બીજું કોઈ ન બનવાના મારા પ્રયત્નોને કારણે હું ગ્રાઉન્ડેડ રહી શકું છું. અમે કેમેરાની સામે પૂરો અભિનય કરીએ છીએ અને વાસ્તવિક જીવનમાં પણ અભિનય કરવાની શક્તિ મારામાં નથી. વાસ્તવિક રહેવું અને વાસ્તવિક લોકોની વચ્ચે રહેવું ઘણું મહત્વનું છે. મારું વર્તુળ નાનું છે અને પ્રમાણિક અને વાસ્તવિક લોકો મારી આસપાસ રહે તે મહત્વનું છે. ફક્ત સારા સમયમાં જ સાથ આપતા લોકો કરતા મારા પરિવાર સાથે રહેવું મને મજબૂત રાખે છે. સૌથી ઉપર, હું શક્ય તેટલું વાસ્તવિક અને પ્રમાણિક રહેવાનો પ્રયાસ કરું છું.

**ઉદ્યોગમાં આવવાથી તને કેવી રીતે જોવામાં આવે છે તે અંગે તું વધુ સભાન બની છે કે પછી તને પોતાને વ્યક્ત કરવાનો વધુ આત્મવિશ્વાસ મળ્યો છે?**

મને ક્યારેય ખબર ન હતી કે મને કેવી રીતે જોવામાં આવે છે. હું જે છું તેવી જ રહેવાનું પસંદ કરું છું. એક બાજુ મને દરેક બાબતમાં બીજાનો અભિપ્રાય લેવાની જરૂર લગતી નથી, તો બીજી બાજુ, આ એવી દુનિયા છે જ્યાં શબ્દોની ગેરસમજ જલ્દી ઊભી થઈ જાય છે ત્યાં હું સમજી વિચરીને બોલતા શીખી ગઈ છું. ઉપરાંત, મને ક્યારેય એવું કહેવામાં નથી આવ્યું કે ઓનલાઈન કેવી રીતે વર્તવું અથવા મારે કઈ છબી રજૂ કરવી જોઈએ. હું સહજ રીતે વર્તુ છું અને હાલમાં જે લોકપ્રિય છે તે નહીં પરંતુ જે સાચું લાગે છે એ શેર કરું છું. મારા માટે પ્રમાણિકતા હંમેશા અનુરૂપતા પહેલા આવે છે.

**જ્યારે તે કારકિર્દીની શરૂઆત કરી હતી ત્યારે તું જે વ્યક્તિ હતી ત્યાંથી અત્યાર સુધી તારો કેટલો વિકાસ થયો છે? તારા વ્યક્તિગત વિકાસમાં કઈ ક્ષણો નિર્ણાયક રહી હતી?**

જ્યારે મેં બોલિવૂડમાં શરૂઆત કરી ત્યારે હું તરત અનુકુળ થઈ શકતી ન હતી. હું મુંઝાયેલી હતી અને ઓછું બોલતી હતી. પરંતુ, જ્યારે તમે તમારું સ્થાન બનાવો છો, તમારી આવડતને જાણો છો ત્યારે તમેં તમારી જાતને એક વ્યક્તિ તરીકે સમજવાનું શરૂ કરો છો અને વધુ આત્મવિશ્વાસ મેળવો છો. તેમાં તમારો વિકાસ થાય છે અને તે મારા માટે મહત્વપૂર્ણ છે. જ્યારે મેં શરૂઆત કરી ત્યારે મારી પાસે કોઈ પ્રકારની તાલીમ કે થિયેટરનો અનુભવ ન હતો. મને લાગે છે કે હું એક અભિનેતા અને એક વ્યક્તિ તરીકે વિકસી છું. હું વાતચીત કરવામાં વધુ સારી બની છું અને લોકો સાથે વધુ સરળ રીતે ભળી શકું છું. છતાં, હું હજી પણ ઘણી નાની નાની બાબતોમાં સારી નથી અને એક પ્રાઈવેટ પર્સન છું. મારો મૂળભૂત સ્વભાવ બદલાયો નથી. પરંતુ, સમય જતા મેં આત્મવિશ્વાસ મેળવ્યો છે. હું એ પણ શીખી છું કે કોઈ એક વાતના ઘણા દષ્ટિકોણ હોય છે અને કોઈ એક જ રસ્તો સાચો હોતો નથી. તેનાથી તમારા કાર્યનું અને વ્યક્તિત્વનું ઘડતર થાય છે.

**અગાઉ તે ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તને શીખવાનું ગમે છે. ઓફ સ્ક્રીન તારો કોઈ શોખ છે કે કઈ શીખવાની ઈચ્છા?**

મને શીખવાનો શોખ છે પરંતુ, મને હંમેશા કૈક નવું શીખવા માટે પ્રોત્સાહનની જરૂર પડે છે. જ્યારે હું સેટ પર હોવ ત્યારે અન્ય લોકોનું નિરીક્ષણ કરીને અલગ અલગ બાબતો શીખવાનો પ્રયત્ન કરું છું. તે મને વધુ સારી બનાવવામાં મદદ કરે છે. મેં ક્યારેય વિચાર્યું ન હતું કે હું પોતાની બ્યુટી બ્રૅન્ડ લોન્ચ કરીશ પરંતુ, તે અનુભવ પણ સારો રહ્યો. તેનાથી મારો ઉત્સાહ વધ્યો. તે સિવાય મારી પાસે શીખવા માટે સમય નથી. જોકે, મારી ટુ ડુ લીસ્ટમાં બેલી ડાન્સિંગ, પોલ ડાન્સિંગ, પોટરી અને પિયાનો શીખવાનો સમાવેશ થાય છે.

**સફળતાના શિખરે પહોંચ્યા પછી તને ગ્રાઉન્ડેડ અને મજબૂત રહેવામાં પરિવારે કેવી રીતે સપોર્ટ કર્યો?**

મારા પરિવારે મારી સફર દરમિયાન મને મોટો સપોર્ટ કર્યો છે. ફિલ્મ ઉદ્યોગમાં કે જ્યાં કોઈ પણ પોતાને ગુમાવી શકે છે તેમાં તેમણે મને જમીન સાથે જોડી રાખી છે. તેઓ મારા ફક્ત વખાણ જ નથી કરતા, મારી ટીકા પણ કરે છે. તેમણે મને મારા સારા ને ખરાબ બંને સમયમાં સાથ આપ્યો છે. તેઓ મને સમજદાર અને વાસ્તવિક બની રહેવામાં મદદ કરે છે. •

# ગટ્ટુ હવે મોટો થઈ ગયો! દેવેન ભોજાણી

એક્ટર્સ લાઈફ

ગુજરાતી મનોરંજન જગતમાં અમુક ચહેરાઓ એવા હોય છે. અમુક માણસો એવા હોય છે જેમના ચહેરા પર કરચલીઓ ભલે દેખાય, પણ તેમની માસૂમિયત ક્યારેય ઘરડી નથી થતી. જેમના માટે કોઈ વિશેષણની જરૂર નથી હોતી. માત્ર એમનું નામ જ ચહેરા પર સ્મિત લાવવા માટે પૂરતું હોય છે. આવું જ એક હરતું-ફરતું સ્મિત એટલે દેવેન ભોજાણી. દાયકાઓથી હિન્દી અને ગુજરાતી નાના પડદા પર ક્યારેક ‘ગટ્ટુ’ બનીને તો ક્યારેક ‘અન્ના’ બનીને આપણને ખડખડાટ હસાવનાર આ કલાકાર હવે રૂપેરી પડદે એક નવા અવતારમાં જોવા મળી રહ્યા છે. તેમની આગામી ગુજરાતી ફિલ્મ‘ધબકારો’ હાલ સોશિયલ મીડિયાથી લઈને સિનેમાપ્રેમીઓમાં ચર્ચાનો વિષય બની છે. દેવેન ભોજાણીની વિશેષતા એ છે કે તેઓ માત્ર એક્ટર નથી, પણ એક કુશળ ડાયરેક્ટર અને રાઈટર પણ છે. ‘સારાભાઈ વર્સિસ સારાભાઈ’ જેવી ક્લાસિક સિરીઝનું ડાયરેક્શન કરનાર દેવેનભાઈ જાણે છે કે પ્રેક્ષકોની નસ કેવી રીતે પકડવી. તેમના અનુસાર હસાવવું એ દુનિયાનું સૌથી ગંભીર કામ છે. આ જ ગંભીરતા તેમની નવી ફિલ્મ ‘ધબકારો’માં પણ જોવા મળે છે, જ્યાં હાસ્યની સાથે સંવેદનાનો સુમેળ સાધવામાં આવ્યો છે.

ફિલ્મ ‘ધબકારો’ વિશે વાત કરતા દેવેનભાઈ જણાવે છે કે આ ફિલ્મ આજના જમાનામાં વિસરાતા જતા માનવીય મૂલ્યો અને લોહીના સંબંધોની વાત છે. આજના ‘સ્ક્રીન’ યુગમાં જ્યારે માણસ પાસે પડોશી કે પરિવારના સભ્ય સાથે વાત કરવાનો સમય નથી, ત્યારે આ ફિલ્મ હૃદયના સાચા ધબકારા સાંભળવાની પ્રેરણા આપે છે. આ ફિલ્મમાં દેવેન ભોજણી એક એવા પાત્રમાં છે જે આપણી આસપાસના કોઈ મધ્યમવર્ગીય પરિવારના મોભી જેવું લાગે. તેમની એ જ જૂની માસૂમિયત અહીં એક નવા પરિપક્વ અંદાજમાં ખીલી ઉઠી છે. દેવેન ભોજણી વર્ષોથી મુંબઈમાં સ્થાયી થયા છે, પણ તેમનું

**તેઓ માત્ર એક્ટર નથી, પણ એક કુશળ ડાયરેક્ટર અને રાઇટર પણ છે. ‘સારાભાઈ વર્સિસ સારાભાઈ’ જેવી ક્લાસિક સિરીઝનું ડાયરેક્શન કરનાર દેવેનભાઈ જાણે છે કે પ્રેક્ષકોની નસ કેવી રીતે પકડવી. તેમના અનુસાર હસાવવું એ દુનિયાનું સૌથી ગંભીર કામ છે**



હૃદય આજેય ગુજરાતના વાતાવરણ અને ખાણીપીણી માટે ધબકે છે. ગામડાના લોકેશન પર શૂટિંગ કરતી વખતે જે પ્રેમ અને સત્કાર મળ્યો છે, તે કોઈ લક્ઝરી સ્ટુડિયોમાં નથી મળતો. એક એક્ટર તરીકે તેઓ માને છે કે માતૃભાષામાં કામ કરવું એ આત્માને તૃપ્ત કરવા જેવું છે.

એકવાર એક અજાણ્યા વ્યક્તિએ તેમને રસ્તામાં રોકીને કહ્યું, ‘ગટ્ટુ’ ભાઈ, તમે મોટા કેમ થઈ ગયા? તમે તો નાના જ સારા લાગતા હતા! દેવેનભાઈએ ચપળતાથી જવાબ આપ્યો, ‘ઉંમર વધી છે ભાઈ, પણ તોફાન તો હજુય એ જ છે!’ આ જીવંતતા જ તેમને અન્ય એક્ટરોથી અલગ પાડે છે. ગુજરાતી સિનેમા જ્યારે એક નવા વળાંક પર છે, ત્યારે ‘ધબકારો’ જેવી પારિવારિક ફિલ્મો અનિવાર્ય બની જાય છે. દેવેન ભોજણી જેવા મોટા એક્ટર જ્યારે લાંબા સમયે ગુજરાતી પડદે મુખ્ય ભૂમિકામાં હોય, ત્યારે તે પ્રેક્ષકો માટે એક લ્હાવો છે. આ ફિલ્મ માત્ર મનોરંજન નથી, પણ એક અરીસો છે જે આપણને આપણા પોતાના જ ‘ધબકારા’ સાંભળવા મજબૂર કરશે. જો તમે હળવી પળોની સાથે એક મજબૂત સામાજિક સંદેશ અને દેવેન ભોજણીની લાક્ષણિક અદાકારીના ચાહક હોવ, તો ‘ધબકારો’ તમારા માટે ‘મસ્ટ વોચ’ ફિલ્મ છે. •

# રાધિકા આપ્ટેના મતે ‘પરફેક્ટ ડેટ’ શું છે?



RAPID FIRE

- **બોલિવૂડ કે OTT?**
ઓબવિયસલી,OTT!
- **સૌથી વધુ નફરત શેનાથી છે?**
‘બોલ્ડનેસ’ શબ્દના ખોટા અર્થઘટનથી.
- **એક વસ્તુ જે હંમેશા તમારી બેગમાં હોય છે?**
લિપ બામ અને મારું સ્વાભિમાન.
- **કરોડોની ફિલ્મ કે આર્ટ ફિલ્મ?**
જેની સ્ક્રિપ્ટમાં દમ હોય એ!
- **શૂટિંગ દરમિયાન સૌથી અજીબ અફવા?**
કે હું દર બીજી વેબ સિરીઝમાં હોઉં છું (ભલે ને હોઉં!)
- **પ્રેમ કે લસ્ટ?**
બંનેનું સપ્રમાણ મિશ્રણ જરૂરી છે.
- **કયા ડાયરેક્ટર સાથે કામ કરવાનું સપનું છે?**
માર્ટિન સ્કોરસેસી.
- **એક એવી વસ્તુ જે તમે ક્યારેય નહીં કરો?**
ફેરનેસ ક્રીમની એડ.
- **ફેક વખાણ કે કડવી ટીકા?**
કડવી ટીકા, કારણ કે તે સાચી હોય છે.
- **ન્યૂડિટી પર તમારી રાય?**
તે કલાનો ભાગ છે, તેને સેક્શ્યુઅલાઈઝ કરવાનું બંધ કરો.
- **મુંબઈ કે લંડન?**
દિલ મુંબઈમાં, પણ શાંતિ લંડનમાં.
- **શોર્ટકટ કે મહેનત?**
મહેનત, શોર્ટકટ લાંબુ નથી ટકતા.
- **તારા મતે ‘પરફેક્ટ ડેટ’ શું છે?**
સારી વાઇન, સારું ખાવાનું અને કોઈ ફાલતુ વાતો નહીં.
- **સોશિયલ મીડિયા વિશે શું વિચારો છો?**
તે એક ડબલ-એજડ તલવાર છે.
- **તારી સૌથી મોટી તાકાત?**
મારી નીડરતા.
- **જો એક્ટ્રેસ ન હોત તો?**
ડાન્સર અથવા સાયકોલોજિસ્ટ.
- **એક એવી વાત જે લોકોને તમારા વિશે નથી ખબર?**
હું ખૂબ જ આળસુ છું.
- **ક્રિટિક્સ કે ઓડિયન્સ?**
ઓડિયન્સ.
- **કેમેરા સામે પહેલી વાર શું અનુભવ્યું હતું?**
ડર અને એક્સાઇટમેન્ટ
- **જીવનનો મંત્ર?**
‘તમે જે છો એ જ રહો, દુનિયા પોતાની મેળે એડજસ્ટ થઈ જશે.’ •